આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

પ્રત્યેક ભૂલ અને નિષ્ફળતાઓ પણ કંઇક ને કંઇક શીખવી જાય છે
- ચાર્લ્સ ડિકન્સ

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૧૧ | ૨૧ જાન્યુઆરી, ૨૦૧૩, સોમવાર; પોષ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# લવારપુર ગામે બેંકમાંથી ૧૪.૬૯ લાખની ચોરી





(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## રોકડ ભરેલી આખેઆખી તિજોરી ઉઠાવી ગયા

### મધરાતે આયોજનબદ્ધ ત્રાટકેલી તસ્કર ટોળકીએ ૭ તાળાઓ તોડીને ગામની વચ્ચોવચ સ્થિત દૂધ ઉત્પાદક મંડળીના બિલ્ડીંગમાંથી રૂ.૧૫.૧૪ લાખની મસ મોટી મત્તાની ચોરી કરતા સન્નાટો : હાઈવે ગેંગ હોવાની શક્યતા : એફ.એસ.એલ. ડૉગ સ્કવોડ સાથે પોલીસ દોડી : જાણભેદુની સંડોવણી હોવાની પણ શક્યતા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર નજીકના લવારપુર ગામે સ્થિત એ.ડી.સી. બેંકની પેટા શાખાને નિશાન બનાવી ગત રાત્રીના સમયગાળા દરમ્યાન તસ્કર ટોળકી તરખાટ મચાવી ગઈ હતી. ગામની વચ્ચોવચ સ્થિત ઘી લવારપુર દૂધ ઉત્પાદક મંડળીના મકાનની જ બિલ્ડીંગમાં બેંક કાર્યરત છે. આ બિલ્ડીંગમાં સ્થિત બેંક સહિત દૂધ ઉત્પાદક મંડળીના મળીને ૭ તાળાઓ તોડીને તસ્કરો મોટો હાથફેરો કરી ગયા હતા. બેંકની અંદરથી રૂપીયા ભરેલી આખેઆખી આશરે ૨૫૦ કિલોની લોખંડની તિજોરી જ તસ્કરો ઉપાડીને લઈ ગયા હતા. તિજોરીમાં રૂ. ૧૪.૬૯ લાખ રોકડા હતા જયારે મંડળીની તિજોરીમાંથી પણ ૧૦ હજાર રોકડા અને ૪ સી.પી.યુ., બે.એલ.સી.ડી. મળી કુલ રૂ. ૧૫.૧૪ લાખની મસ મોટી મત્તાની ચોરી કરી તસ્કર ટોળકી બિન્દાસ્ત ફરાર થઈ ગઈ હતી. ચોરી કર્યા બાદ બેંકના કેમેરાના વાયર કાપી તોડી નાંખ્યા હતા અને ફુટેજ જ્યાં સ્ટોર થાય તે સી.પી.યુ. ઉઠાવીને એક પણ કલ્યુ રહેવા દીધો ન હતો. બે મોટી ગાડીમાં ટોળકીના દશેક સાગરીતો આવ્યા હોવાની શક્યતા છે. આ ચોરી પાછળ હાઈવે ગેંકની સંડોવણી હોવાની પોલીસે શક્યતા વ્યક્ત કરી ડૉગ સ્કવોર્ડ અને એફએસએલ બોલાવી વિવિધ ટીમ કાર્યરત કરીને ટોળકી શોધવાની તજવીજ શરૂ કરી છે.

અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકની ગાંધીનગર નજીકના લવારપુર ગામે ઘી લવારપુર દૂધ ઉત્પાદક મંડળીના બિલ્ડીંગમાં જ પેટા શાખા કાર્યરત છે. ગામની વચ્ચોવચ આવેલી હોવા છતાંય કડકડતી ઠંડીમાં ગ્રામજનોની મીઠી ઊંઘનો લાભ એક તસ્કર ગેંગ ઉઠાવી ગઈ હતી. રાત્રીના સમયે બે મોટા વાહનો લઈને ત્રાટકેલી આશરે દશેક સાગરીતોની આ ટોળકીએ બેંક સહિત આખા બિલ્ડીંગને ફેંદી નાંખીને મસમોટી રકમની ચોરી કરી લીધી છે. લોખંડની ટોમીની મદદથી બેંકના દરવાજા અને દૂધ ઉત્પાદક મંડળીના મળીને ૭ તાળા તોડીને તસ્કરો ચોરી

● અનુસંધાન પાન-૭ પર

### તિજોરી આશરે ૨૫૦ કિલો જેટલી વજનદાર હતી..!!

લવારપુરની એડીસી બેંક શાખામાં તસ્કરોએ કરેલા હાથફેરામાં આખેઆખી રૂપિયા ભરેલી તિજોરીની ઉઠાંતરી થઈ જવા પામી હતી. મળતી માહિતી પ્રમાણે આ તિજોરીનું વજન આશરે ૧૨ મણ એટલે કે અંદાજે ૨૫૦ કિલો જેટલુ હતુ. આ વજનદાર તિજોરીને ઉપાડવામાં ઓછામાં ઓછા ૧૦ જેટલા શખ્સોનો હાથ હોવાની સંભાવના છે.

### દાગીના લોકરની ચાવી ચોરાયેલી તિજોરીમાં ગઈ...!

લગ્નસિઝન ચાલી રહી છે ત્યારે ગ્રામજનો દાગીના સાચવવા બેન્ક લોકરનો ઉપયોગ કરતાં હોય છે. સોનાના દાગીના લોકરમાં મુકનાર લવારપુર બેંકના ખાતેદારો અત્યારે ચિંતામાં મુકાઈ ગયા છે કેમ કે ચોરીમાં લઈ જવાયેલી આખેઆખી તિજોરીમાં બેંકમાં સ્થિત દાગીનાનાં લોકરની ચાવી પણ જતી રહી છે.

### બેંકમાંથી ૧૬.૧૦ લાખ રૂપિયા ચોરાઈ જતા બચીગયા

મધરાત્રે બેંકમાં થયેલી મસ મોટી રકમની ચોરીમાં રૂ. ૧૬.૧૦ લાખ રૂપિયા બચી ગયા હતા. ગઈકાલે જ પેટા શાખા લવારપુરમાંથી મુખ્ય શાખા ચિલોડા ખાતે રૂ. ૧૬.૧૦ લાખ જમા કરવામાં આવ્યા હતા. જો એક દિવસ જમા કરાવવામાં મોડુ કર્યુ હોત તો વધુ ૧૬.૧૦ લાખથી હાથ ધોવા પડત..!

# પલ્સ પોલીયો ટીપા સાથે પંચગુણી ‘પેન્ટા વેલન્સ’ રસીકરણ

## પલ્સ પોલીયો રસીકરણનો મુખ્યમંત્રીએ રાજયવ્યાપી પ્રારંભ કરાવ્યો

ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ બાળ લકવા નાબૂદી ઘનિષ્ઠ અભિયાનનો રાજયવ્યાપી પ્રારંભ આજે ગાંધીનગરમાં ભૂલકાંઓને પલ્સ પોલીયો



રસીનાં ટીપાં પીવડાવીને કરાવ્યો હતો.

નરેન્દ્ર મોદીએ પલ્સ પોલિયો અભિયાનમાં આ વર્ષે ગુજરાતે એક નવતર આરોગ્ય સુરક્ષા ઝૂંબેશ સ્વરૂપે પલ્સ પોલિયો રસી સાથે પંચગુણી એવી પેન્ટ્રા વેલન્ટ રસી પણ ભૂલકાંઓને આપી રોગપ્રતિકારક શક્તિ વૃદ્ધિનો પહેલરૂપ પ્રયોગ હાથ ધર્યો છે. તેની વિગતો તેમણે આપી હતી.

મુખ્યમંત્રીએ ગુજરાતમાં પલ્સ પોલિયો રસીકરણની સઘન ઝૂંબેશ અને દૂરદરાજના વિસ્તારોને પણ આવરી લેવાની કાર્ય સંસ્કૃતિની ફલશ્રૃતિએ રાજ્યમાં ૨૦૦૭ પછી એક પણ પોલિયો કેસ નોંધાયો ન હોવાનો ગૌરવ સહ ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રીએ ગુજરાતમાં આ અભિયાનને સમાજસેવા - સમાજ જાગૃતિ તરીકે ઉપાડી લેવાનું આહ્‌વાન કરતાં પ્રત્યેક નાગરિક પલ્સ પોલિયો અભિયાનના આ દિવસને સમયદાનદિવ્સ તરીકે ઉજવી દરેક ઘરમાં નાનાં ભૂલકાઓને, તેના વાલીઓને ટીપાં પીવડાવવા પ્રેરિત કરે તેવો હાર્દભર્યો અનુરોધ કર્યો હતો.

સમગ્ર રાજ્યમાં પાંચ વર્ષની વય સુધીના ૭૫ લાખ ભૂલકાંઓને ૩૦ હજારઉપરાંત રસીકરણ બૂથ દ્વારા ૧.૨૫ લાખ આરોગ્ય સેવા કર્મીઓ પલ્સ પોલિયોના ટીપાંપહોંચાડી રહ્યા છે તે માટે મુખ્યમંત્રીએ આરોગ્ય કર્મીઓ અને સેવા કર્મીઓને અભિનંદન આપ્યા હતા.

## ગાંધીનગર શહેરમાં પલ્સ પોલિયોમાં ૯૧ ટકા ઐતિહાસિક સિદ્ધિ હાંસલ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં પલ્સ પોલિયો અભિયાનમાં ૯૧ ટકા બાળકોને આવરી લઈ ઐતિહાસિક વિક્રમ રચ્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની રચના બાદ સૌ પ્રથમવાર આજે આરોગ્ય તંત્ર દ્વારા પલ્સ પોલિયો અભિયાનનું આયોજન કરાયું હતું. શહેરમાં આ માટે ૯૦થી પણ વધુ બુથો ઉભા કરવામાં આવ્યા હતા અને ૯૬૦ જેટલી ટીમો કામે લાગી હતી.

ગાંધીનગર શહેરમાં પહેલીવાર વિક્રમજનક સફળતા મળી હોવાનો દાવો કરતાં ડૉ. દિનેશ બારોટે જણાવ્યું હતું કે શહેરના લક્ષિત બાળકો ૧૮,૨૬૪ હતા જે પૈકી ૧૬,૬૦૦ બાળકોને આવરી લેવામાં આવ્યા છે. તેમણે આજની સફળતાનો યશ ‘ટીમ ગાંધીનગર’ને આપ્યો હતો.

આજ રોજ આયોજીત પલ્સ પોલિયો ઈમ્યુનાઈઝેશન કામગીરીમાં મહાનગરપાલિકા વિસ્તારમાં કામગીરીનું ઉદઘાટન કમિશનરશ્રી મહાનગરપાલિકાની ઉપસ્થિતિમાં ૧૯૮૧થી પોલિયોથી પીડીત શ્રી પરમાર ધીરજકુમાર એસ.ના વરદહસ્તે કરવામાં આવેલ હતું અને તેઓશ્રીએ પોતાને થતી મુશ્કેલીઓ આવનારી પેઢીનાં કોઈ પણ બાળકોને ન થાય તે માટે તમામ વાલીઓને અપીલ કરી પોતાનાં વ્હાલસોયા બાળકોને પોલિયો

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં ૮૯.૯૦ ટકા બાળકો પલ્સ પોલિયો અભિયાનમાં આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આજે યોજાયેલ પલ્સ પોલિયો અભિયાનમાં ગત વર્ષની તુલનામાં ૫ ટકા જેટલી વૃદ્ધિ સાથે ૮૯.૯૦ ટકા બાળકોને આવરી લેવામાં તંત્ર સફળ રહ્યું છે. અને આ અભિયાનનું આયોજન સફળ પુરવાર થયું છે.

જિલ્લામાં ગત વર્ષે ૮૫ ટકા જેટલા બાળકોનું બુથ કવરેજ નોંધાયું હતું. આજે જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આ કવરેજ ૮૯.૯૦ટકા જેટલુંનોંધાયું છે જે ગત વર્ષની તુલનામાં ૪.૯૦ ટકા વધુ છે. શહેરી વિસ્તારમાં પણ આ વર્ષે ૯૧ ટકા બાળકોને આવરી લેવામાં સફળતા મળી છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે યોજાયેલ પલ્સ પોલિયો અભિયાનમાં ગ્રામ્ય વિસ્તારના ૮૯.૯૦ ટકા બાળકોને અને શહેરી વિસ્તારમાં ૯૧ ટકા બાળકોને આવરી લેવામાં તંત્રને સફળતા મળી છે.

જિલ્લામાં સૌથી વધુ સારી સફળતા ગાંધીનગર તાલુકામાં મળી છે. ગાંધીનગર તાલુકામાં ૯૫.૨૬ ટકા બાળકોને આવરી લેવામાં આવ્યા છે. લક્ષિત બાળકો ૫૨,૭૫૦ હતા જેની સામે ૫૦,૨૪૯ બાળકોને આવરી લેવામાં આવ્યા છે. માણસા તાલુકામાં ૮૬.૯૬ ટકા, દહેગામમાં ૮૮.૮૮ અને કલોલમાં ૮૭.૨૬ ટકા બાળકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના લક્ષિત બાળકો ૧.૭૬ લાખ સામે ૧.૫૯ લાખ બાળકોને આવરી લેવામાં આવ્યા છે. જે ટકાવારીમાં ૮૯.૯૦ ટકા જેટલી થવા જાય છે. તંત્ર દ્વારા આજે વહેલી સવારથી જ આ અભિયાન આરંભી દેવામાં આવ્યું હતું. જિલ્લામાં ૮૦૦થી પણ વધુ બુધ ઉભા કરવામાં આવ્યા હતા તેમજ ૬૫ જેટલી મોબાઈલ ટીમો સતત ફરતી રહી હતી.

લગ્નસરાની મોસમ હોવા છતાં તંત્રને મળેલી સફળતાનો યશ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ ટીમ ગાંધીનગરને આપતાં જણાવ્યું હતુ કે આ સમગ્ર તંત્રની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી અને તેને કારણે સારી સફળતા પ્રાપ્ત થઈ છે.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧




